# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૬ | ૨૫ જૂન ૨૦૧૨, સોમવાર, અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# સરકારી આવાસોમાં જળુંબતો ખતરો



**સે. ૨૩ના 'છ' ટાઈપના મકાનમાં છતમાંથી મોટુંમસ પોપડું ખર્યું, કીશોરીને ઈજા : અનેક રજૂઆતના અંતે પણ તંત્ર નિદ્રાધીન : આવાસોની સ્થિતિ સંદર્ભે સબ સલામતનો દાવો કરતા તંત્ર માટે તમાચારૂપ કિસ્સો**

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં સ્થિત સરકારી આવાસો ગુડ કેટેગરીમાં આવતા હોવાના બણગાં ફૂંકતા તંત્ર માટે સણસણતા તમાચારૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સેક્ટરોમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણ પાછળ કરોડોનું આંધણ થયા બાદ પણ વસાહતીઓ પર મોતનો ખતરો જળુંબતો હોવાનું ચિત્ર ઉપસી આવતા આવાસોની સલામતી સામે અનેક પ્રશ્નો મંડરાયા છે. સે. ૨૩માં 'છ' ટાઈપ વિસ્તારના એક મકાનમાં આજે મુખ્ય રૂમની સીલીંગમાંથી મોટુમસ પોપડુ ખરતા સદનસીબે નજીવી ઈજાના અંતે એક કિશોરીનો જીવ બચી ગયો હતો. ચોમાસાના પ્રારંભે જ સરકારી આવાસોના રહીશો માથે સતત ભયજનક સ્થિતિ મંડરાયેલી રહેતી હોવાનો પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે ત્યારે આવાસોની જોખમી સ્થિતિ નિવારવા તંત્રના દ્વારે દસ્તક દેતા વસાહતીઓની ફરિયાદ સાંભળવા માટે પણ જવાબદાર બાબુઓ પાસે ફુરસદ ન હોવાની

● અનુસંધાન પાન-૭ પર

# સ્થળ પસંદગીમાં વિખવાદ થતાં વર્લ્ડક્લાસ યુનિવર્સિટી ટલ્લે ચઢી

## ભારત સરકાર એવું માને છે કે જ્યાં ટ્રાન્સપોર્ટેશન સહિતની સુવિધા હોય ત્યાં બને, રાજ્ય સરકાર સાબરકાંઠા જિલ્લામાં બનાવવા વધુ આગ્રહી

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં વર્લ્ડક્લાસ યુનિવર્સિટીની સ્થાપના કઈ જગ્યાએ કરવી તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે ગજગ્રાહ ઉભો થયો છે. રાજ્ય સરકારનો આગ્રહ છે કે આ યુનિવર્સિટી પછાત જિલ્લા સાબરકાંઠામાં બને, જ્યારે કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે આ પ્રકારની યુનિવર્સિટી રાજ્યના




પાટનગર ગાંધીનગરમાં બનવી જોઈએ.

ભારત સરકારે ૨૦૦૯ના વર્ષમાં દેશભરમાં ગુજરાત સહિત ૧૪ રાજ્યોમાં સેન્ટ્રલ યુનિવર્સિટી-હવે ઈનોવેશન્સ યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું હતું. આ જાહેરાત પછી કેન્દ્રના માનવ સંશાધન મંત્રાલય તરફથી જગ્યા પસંદગી અંગે રાજ્ય સરકારનો અભિપ્રાય માગ્યો હતો.

આવી યુનિવર્સિટી સ્થાપવા માટે સરકારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાની પસંદગી ઉતારી કેન્દ્ર સમક્ષ દરખાસ્ત પણ કરી દીધી હતી પરંતુ કેન્દ્ર સરકારે તે દરખાસ્ત મંજૂર કરી નથી, દરખાસ્ત ઉડાવી દેવાનું કારણ આપતાં કેન્દ્રીય મંત્રાલયે કહ્યું હતું કે સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવી હોય તો તેવી જગ્યાએ સ્થાપવી જોઈએ કે જ્યાં જરૂરી માળખાકીય સુવિધાઓ અને વાહન વ્યવહારની સુવિધા ઉપલબ્ધ હોય, કેન્દ્રના પત્રમાં ગાંધીનગરને આ

● અનુસંધાન પાન-૭ પર




આજકાલ ન્યૂઝમાં દોડી રહેલી અને મલ્ટીપ્લેક્સીસમાં હાઉસફૂલ ચાલી રહેલી ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના યુવા નિર્દેશક અભિષેક જૈનની ફિલ્મના પોસ્ટર સાથેની આ તસવીર છે. આ પ્રતિભાશાળી યુવાન ગુજરાતીઓને રસપ્રદ અને મજાના માણસો માને છે. ફિલ્મના સર્જન વિશે એમણે કરેલી રસદાયી વાતોનો વિસ્તૃત અહેવાલ પાના નં. ૨ ઉપર. (તસવીર : દિવ્યકાન્ત વર્મા)


વધે નામના તમારી તેવી શુભ કામના અમારી



શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા
પ્રદેશ પ્રમુખ-ગુ.પ્ર.કોં.સમિતિ



શ્રી શક્તિસિંહજી ગોહિલ
વિપક્ષ નેતા-ગુજરાત વિધાનસભા



ડૉ. સી.જે. ચાવડા
પ્રમુખશ્રી-ગાંધી.જી.કોં.સમિતિ



જીતેન્દ્રસિંહ બાબુસિંહજી ચાવડા
ઉપપ્રમુખશ્રી-ગાંધી.જી.કોં.સમિતિ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સાહેબના આદેશ અનુસાર વિધાનસભાના વિપક્ષ નેતા માનનીય શ્રી શક્તિસિંહજી ગોહિલ સાહેબની ભલામણથી ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ.સી.જે. ચાવડા સાહેબ દ્વારા આપશ્રીની ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિમાં ઉપપ્રમુખ પદે શ્રી જીતેન્દ્રસિંહજી બાબુસિંહજી ચાવડાની વરણી થતાં આનંદની લાગણી સાથે પ્રગતિની શુભકામનાઓ પાઠવીએ છીએ.

શુભેચ્છકો

કૈલાસ વાઘેલ - (C.E.O.)
મયુર બુધ્ધભટ્ટી - (G.M.)
મલય જોષી (M.M.)
ધર્મદીપસિંહ રાઓલ - (Man.)

જયદીપસિંહ વાઘેલા - (Mrkt. Man.)
સ્મીતા ઠાકોર (H.R.)
નિકિતા પટેલ (A.M.)
પરેશ ચાવડા - (A.M.)
દેવેન્દ્ર પંડયા (Cashier)

મનોજસિંહ જી. ચાવડા
પ્રકાશ સોનવણે
ગોપીચંદ્ર ચૌધરી
ઉમેશચંદ્ર પાંડે
શ્રીનિવાસ મીઠાકોલા
જયેશ અનાવડે
વિજયકુમાર ઘડિયાળી

ભગવતસિંહ ડી. ચાવડા
હિતેન્દ્રસિંહ બી. ચાવડા
વિક્રમસિંહ એસ. ચાવડા
અક્ષય બી. પંચોલી
ભાવેશસિંહ બળવંતસિંહ
ગમનભાઈ ગોવાભાઈ રબારી
પપ્પુભાઈ શેખ (હાફીઝ)

પ્રદિપસિંહ પી. પરમાર
દિલીપસિંહ ડી. ચુડાસમા
ભૂપતસિંહ ચાવડા (એડવોકેટ)
જીલુસિંહ એસ. ચાવડા
મહેદ્રસિંહ બી. દરબાર

SMI NIDHI LTD. નિધી લી. તેમજ પ્રિયંકા ગ્રૂપ તથા જે.બી.કોર્પોરેશન પરિવાર અંબોડ